BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ


**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**


BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## દ્વિતીય વર્ષ બી. એ. - ઈતિહાસ
## પેપર - ૪
(મુખ્ય તથા ગૌણ)
HISM / HISS - ૨૦૪

# ગુજરાત નો ઈતિહાસ
(ઈ. સ. ૧૩૦૪ થી ૧૮૧૮ સુધી)



## વિભાગ-૪ ઈ.સ.૧૩૦૪ થી ૧૮૧૮ ગુજરાતનુ કલાસ્થાપત્ય

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે: 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ,ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઇતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). મુંજાલ ભીમડાદકર* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ. સુરેન્દ્ર બારિયા* | *મદદનીશ પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ મોરવા હડફ, મુ. પો.તા. મોરવા હડફ, જિ.પંચમહાલ.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |


**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

**ISBN** **978-93-91468-29-3**

**પ્રકાશન વર્ષ** :2021-*પ્રથમ આવૃતિ*

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
*( ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)*

**દ્વિતીય વર્ષ બી.એ.- ઈતિહાસ**
**પેપર-4 ગુજરાતનો ઈતિહાસ (ઈ.સ.1304 થી 1818સુધી)**
**HISM/HISS-204( મુખ્ય તથા ગૌણ)**

## વિભાગ- 4 ઈ.સ.1304 થી ઈ.સ. 1818 ગુજરાતનું કલા સ્થાપત્ય

**એકમ- 17 : ઈ.સ. 1304 થી ઈ.સ. 1818 સુધીના ગુજરાતનું કલાસ્થાપત્ય 01**

## વિભાગ-4 ઈ.સ. 1304 થી 1818 ગુજરાતનુ કલાસ્થાપત્ય

*ગુજરાતનો ઈતિહાસ-પેપર 4, વિભાગ-4માં એક એકમ-17નો સમાવેશ કરવામાં આવ્યો છે,હ્વ જેમાં ઈ.સ.1304 થી 1818 સુધીના ગુજરાતના કલાસ્થાપત્ય વિશે ચર્ચા કરવામાં આવી છે. જેમાં દિલ્હી સલ્તનત યુગનું સ્થાપત્ય, અહમદશાહ પહેલાનું  અમદાવાદનું સ્થાપત્ય, મહમદ બેગડાનું અમદાવાદ તથા ચાંપાનેરનું સ્થાપત્ય, મુઘલકાલીન સ્થાપત્ય તથા મરાઠાકાલીન સ્થાપત્યની વિગતે જાણકારી આપવામાં આવી છે.*

| એકમ -17 | ઈ.સ. 1304 થી ઈ.સ.1818 સુધીના ગુજરાતનું કલા સ્થાપત્ય |
|---|---|

## રૂપરેખા :


**17.0 ઉદ્દેશો**

**17.1 પ્રસ્તાવના**

**17.2 સલ્તનત યુગનું કલા સ્થાપત્ય**

**17.2.1 હિંદુ સ્થાપત્ય**

**17.2.2 ઈસ્લામી સ્થાપત્ય**

**17.2.3 સલ્તનતયુગની કલા**

**17.3 મુઘલયુગનું કલા સ્થાપત્ય**

**17.3.1 હિંદુ સ્થાપત્ય**

**17.3.2 ઈસ્લામી સ્થાપત્ય**

**17.3.3 મધ્યયુગની કલા**

**17.4 મરાઠાકાલીન કલા સ્થાપત્ય**

**17.4.1 હિંદુ સ્થાપત્ય**

**17.4.2 ઈસ્લામી સ્થાપત્ય**

**17.4.3 ખ્રિસ્તી દેવળ**

**17.4.4 મરાઠાયુગની કલા**

**17.5 સારાંશ**

**17.6 ચાવીરૂપ શબ્દો**

**17.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**17.8 સંદર્ભ ગ્રંથો**


## 17.0 ઉદ્દેશો

*આ એકમ વાંચ્યા પછી આપ*

- *ગુજરાતનું કલા અને સ્થાપત્યથી માહિતગાર થશો.*
- *સલ્તનત યુગ દરમિયાનની હિંદુ અને ઈસ્લામી શૈલીની કલા અને સ્થાપત્યને સમજી શકશો.*
- *મુઘલકાલીન મસ્જિદો, મકબરાઓ અને રોજા વિશે માહિતી મેળવી શકશો.*
- *મુસ્લિમ શાસનમાં હિંદુ સ્થાપત્યનો ચિતાર મળશે.*
- *મરાઠાકાલીન કલા અને સ્થાપત્યની માહિતી પ્રાપ્ત કરી શકશો.*

## 17.1 પ્રસ્તાવના

*આ એકમમાં ઈ.સ. 1304 થી 1818 સુધીના સમયગાળાની ગુજરાતની કલા અને સ્થાપત્યને ઉજાગર કરવાનો હેતુ છે.*

*સલ્તનત, મુઘલ અને મરાઠા એમ ત્રણ યુગની કલા અને સ્થાપત્યને આ એકમમાં સમાવેશ કરવામાં આવેલો છે. ગુજરાતમાં કલા અને સ્થાપત્યના સૌ પ્રથમ નમૂનાઓ સિંધુ ખીણની સંસ્કૃતિમાંથી મળે છે. ઐતિહાસિક યુગમાં મૌર્યયુગ, ગુપ્તયુગ તેમજ સોલંકીકાળના સ્થાપત્યના ઉત્તમ નમૂનાઓ ગુજરાતમાં આજે પણ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ ઈ.સ. 1304થી ગુજરાતમાં ઈસ્લામ શાસનની શરૂઆત થઈ એટલે હિંદુ સ્થાપત્ય અને કલામાં ઘટાડો થયેલો જોવા મળે છે. મુઘલયુગ સુધીમાં તો નમૂનારૂપ મુસ્લિમ કલા સ્થાપત્યનો વિકાસ થયેલો જોવા મળે છે. ઈસ્લામી સ્થાપત્યને કારણે જ અમદાવાદ શહેરને 'વલ્ડ હેરીટેજ સીટી' તરીકે જાહેર કરવામાં આવેલ છે.આમ પ્રસ્તુત પ્રકરણમાં સલ્તનત, મુઘલ અને મરાઠાકાલીન કલા અને સ્થાપત્યનો અભ્યાસ કરવાનોપ્રયત્ન છે.*

## 17.2 સલ્તનત યુગનું કલા સ્થાપત્ય :

*સોલંકીકાળના અંત ભાગમાં ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થપાઈ અનેક હિંદુ મંદિરોનો નાશ થયો. ચારે બાજુ અશાંતિ ફેલાઈ તેના પરિણામે સોલંકીકાળની સરખામણીએ આ સમયે કલાનું ધોરણ ઘણું જ નબળી કક્ષાનું બન્યું. સ્થાપત્યમાં હિંદુ સ્થાપત્ય અને મુસ્લિમ સ્થાપત્ય એમ બે વિભાગો પડ્યા.*

### 17.2.1 હિંદુ સ્થાપત્ય

*આ સમયે મુસ્લિમ આક્રમણોને લીધે મંદિરો, જળાશયો વગેરે બાંધવાની પ્રવૃત્તિમાં ઓટ આવી હતી, આમ છતાં આ સમયે કેટલાક મંદિરો બંધાયા અને કેટલાકનો જીર્ણોદ્ધાર થયો. આ સમયે કેટલાક નવા નગરો સ્થપાયા.*

**નગરો :**

*આ સમયે ગુજરાતમાં અહમદાવાદ (અમદાવાદ) અહમદનગર (હિમંતનગર) મુહમ્મદાબાદ(ચાંપાનેર), મુસ્તફાબાદ(જુનાગઢ) અને મહમ્મુંદાબાદ( મહેમદાવાદ) વગેરે નગરો સ્થપાયાં. અમદાવાદ સાબરમતીનદીના કિનારે આશાવલ (અસારવા) પાસે, અહમદનગર હાથમતી નદીના કિનારે, આ સર્વ નગરો રાજકીય દ્રષ્ટિએ વસાવવામાં આવ્યા હતાં. અમદાવાદને ગુજરાતનું મુખ્ય પાટનગર બનાવવામાં આવ્યું હતું. આ સર્વ નગરોની આસપાસ રક્ષણ માટે કોટ બાંધવામાં આવ્યા હતાં. બાંધકામમાં પથ્થરનો ઉપયોગ સવિશેષ કરવામાં આવ્યો હતો. નવું પાટણ મુઘલકાળમાં વિકસ્યું હોવાનું મનાય છે. આ ઉપરાંત અમદાવાદ પાસેનું સરખેજ ગળી ઉદ્યોગના મહત્વના સ્થાન તરીકે વિકસાવવામાં આવ્યું હતું.*

**જળાશયો :***સલ્તનત સમયમાં જળાશયોમાં વાવ, તળાવ, કૂવા વગેરેનું સ્થાપત્ય જોવા મળે છે.*

*વાવ : સલ્તનત કાળમાં માતર ભવાનીની વાવ, બાઈ હરિરની વાવ, અડાલજની વાવ અને સાંપાની વાવ મુખ્ય જોવા મળે છે. માતરભવાનીની વાવનો ઉલ્લેખ 'મિરાતે અહમદી' માં છે તેનું બાંધકામ સામાન્ય કક્ષાનું છે. તે અમદાવાદના અસારવામાં આવેલું છે અને તે લગભગ ૧૪મી સદીમાં બંધાઈ હોય તેમ લાગે છે.*

*બાઈ હરિરની વાવ ભદ્રા પ્રકારની વાવ છે. આ વાવ પણ અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી છે. અને અત્યારે દાદા હરિની વાવથી ઓળખાય છે. ત્યાંથી એક શિલાલેખ મળ્યો છે. જેમાં આ વાવ મહમૂદ બેગડાની હરિર નામની દાસીએ ઈ.સ. 1499માં હરિરપુરમાં બનાવી હતી. વાવના બાંધકામની દેખરેખ મુસ્લિમ અધિકારીઓ રાખતા જ્યારે તેનું બાંધકામ કરનાર કારીગરો હિંદુ હતા. આ વાવ 74.3 મીટર લાંબી છે. વાવનો મંડપ લગભગ 5.5 મીટર અને કૂવો અષ્ટકોણ છે. વાવના દરેક ખંડમાં ગોખ છે. વાવનું બાંધકામ ખૂબ વ્યવસ્થિત છે.*

**અડાલજની વાવ :** *અમદાવાદથી ઉત્તરે ગાંધીનગર જિલ્લામાં અડાલજ ગામમાં આ વાવ આવેલી છે. આ વાવમાંથી ઈ.સ. 1499ની સાલનો સંસ્કૃત ભાષામાં લખાયેલો એક લેખ લખી મળી આવેલ છે. તેના પ્રમાણે દંડાહીના વાઘેલા રાજવી મોકલસિંહના પુત્ર, કર્ણના પુત્ર, મુળરાજના પુત્ર, મહિપતના પુત્ર, વીરસિંહની પત્ની રૂડાદેવીએ પોતાના પતિના શ્રેયાર્થે આ વાવ માઘ સુદ પાંચમને દિવસે બંધાવી હતી. તેનો બાંધકામનો પાંચ લાખ એક સો અગિયાર મહમૂદી ટંકા ખર્ચ થયો હતો.*

*સલ્તનતકાલીન વાવોમાં આ એક ઉત્તમ વાવ છે. અન્ય વાવો કરતા શિલ્પ અને સ્થાપત્યની દ્રષ્ટિએ તે ચઢિયાતી છે. આ વાવમાં પ્રવેશ કરતાં લગભગ 7.5 મીટરનો એક ચોરસ મંડપ નજરે પડે છે. મંડપના હાલના અવશેષો જોતાં જણાય છે કે ભૂતકાળમાં આ મંડપ ઉપર ઘુમ્મટ હશે. વાવમાં ઉતરતા શરૂઆતમાં જે થાંભલાઓ દેખાય છે, તે ઘણી જ ઉત્તમ કળાકારીગરીવાળા છે. મંડપની ચારે બાજુએ પનિહારી માટે નાની ઓરડીઓ આવેલી છે. એના ઝરૂખાઓ મંડપની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ઝરૂખાની નીચે હાથીઓની આકૃતિઓ કંડારેલી છે. આ વાવને બે કૂવા છે. પાછળનો કૂવો મુખ્ય મનાય છે. તેમાં ઉપરથી પાણી ખેંચવાની વ્યવસ્થા છે, તેમ જ બાજુના માર્ગથી છેક પાણીની નજીક પહોંચી શકાય છે. મુખ્ય કૂવાના ગોખમાં ગુજરાતી આકારની નવ ગાગર ત્રણ ત્રણની ઉતરડમાં કોતરેલી છે. બીજા ગોખમાં મુસ્લિમ કલ્પવૃક્ષ અને ચિરાગની આકૃતિઓ કંડારેલી છે. વાવના  બીજા મજલે અષ્ટકોણ કૂવાની ભીતમાં નવગૃહની પ્રતિમાઓ કંડારેલી છે. આ વાવની કુલ લંબાઈ 77 મીટર છે. દાદા હરિરની વાવની જેમ તેમાં છેક નીચે સુધી જવા માટે બાજુએ ગોળ સીડી આવેલી છે.*

*આ વાવ ગુજરાતની સર્વે વાવોમાં ઉત્તમ છે. તે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. સ્થાપત્યની દ્રષ્ટિએ આ વાવ  ઉત્તમ પ્રકારની છે.*

**સાંપાની વાવ :** *આ વાવ હાલના અરવલ્લી જિલ્લાના બાયડ પાસે આવેલ સાંપા નામના ગામની પાદરે આવેલી છે. તે સ્થાપત્યની દ્રષ્ટિએ નંદા પ્રકારની છે. વાવના પાછળના*

ભાગમાં કૂવો છે. તેની ડાબી-જમણી બાજુમાં બે શિલાલેખો છે. વાવમાં નવગૃહ ગણેશ, સિદ્ધી, બુધ્ધિ વગેરેની પ્રતિમાએ તથા સુંદર ભૌમિતિક આકૃતિઓ કંડારેલી જોવા મળે છે.

વાવના લેખમાં સંપત્પુર (સાંપા) ગામ અને વાવ બંધાવનારની પ્રશસ્તિ કરેલી છે. લેખમાં જણાવેલ સમયપરથી એવું નક્કી થાય છે કે આ વાવ સુલતાન મહમૂદશાહ બેગડાના સમયમાં બંધાવવામાં આવી હતી.

આમ, સલ્તનતકાળ દરમિયાન ગુજરાતમાં ઘણી નોંધ પાત્ર વાવો બંધાઈ તેની શૈલી સોલંકી યુગની છે. તેમાં ભૌમિતિક આકૃતિઓનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે; જ્યારે દેવદેવીઓનાં શિલ્પોનું પ્રમાણ અલ્પ છે. સંભવ છે કે આ ઈસ્લામ યુગની અસર હોય. આ સર્વ વાવોમાં પથ્થરને બદલે ઘણે ઠેકાણે ઈંટ-ચૂનાનો ઉપયોગ સવિશેષ જોવા મળે છે. ઘણી વાવોમાં કૂવાની બાજુમાં ફરતે પગથિયા મૂકી છેક નીચે જવાય તેવી અદ્દભુત રચના કરેલ છે. વાવ સ્થાપત્યનો ગુજરાતનો અમુલ્ય વારસો સલ્તનતકાળમાં પણ સચવાયો છે.

**સરોવરો :** સલ્તનત સમય દરમિયાન ધોળકાનું ખાન સરોવર અને સરખેજના રોજા પાસેનું તળાવ સુલતાન મહમૂદ બેગડાના સમયમાં બંધાયેલા જોવા મળે છે. જ્યારે કાંકરિયું તળાવ સુલતાન કુતુબદ્દીન અહમદશાહે બંધાવ્યું હતું. તેથી તેને 'હોજે કુતુબ' ના નામથી ઓળખવામાં આવે છે. તેની ફરતે પગથિયા આવેલાં છે. પાણી આવવાના માર્ગ ઉપર સુંદર કલાત્મક જાળીઓની રચના કરી હોવાથી પાણી ગળાઈને ચોખ્ખું થઇ ને આવે છે તેની બાંધણી સહસ્રલિંગ તળાવને મળતી આવે છે. તળાવની મધ્યમાં નગીનાવાડી નામે ઓળખાતા સ્થળે મહેલ અને સુંદર બાગ આવેલ છે આ સરોવરનો ઉપયોગ રાજકુટુંબના જળવિહાર માટે થતા હશે તેમ લાગે છે.

**કૂવા :** ખેડા જિલ્લાના વાત્રક નદીના કિનારે આવેલા મહેમદાવાદ શહેરમાં સલ્તનતકાળ દરમિયાન બાંધાયેલો એક કૂવો આવેલો છે. હાલમાં શૈલગૃહની પદ્ધતિએ પથ્થર અને ઇંટોનો બાંધકામમાં સુંદર રીતે ઉપયોગ થયો છે, કૂવો હમામખાન તથા આરામગાહનો ભાગ ભજવે છે. તેમાં નાહવાના ખંડો છે. પગથિયા ઉતરીને છેક કૂવાના પાણી સુધી જઈ શકાય છે. આ કૂવો સ્થાપત્યકલાનો એક ઉત્તમ નમૂનો છે.

**કિલ્લા :**આ સમયના કિલ્લાઓ અમદાવાદ, ચાંપાનેર, હિંમતનગર વગેરે સ્થળોએ જોવા મળે છે. 'મિરાતે અહમદી' માં જણાવ્યા પ્રમાણે અમદાવાદના કિલ્લાને 139 બુરજો 18 દરવાજ, 6709 કાંગરા હતા. કેટલીક ઠેકાણે નાની બારીઓ હતી.

સલ્તનતકાળના કિલ્લાઓ સ્થાપત્યની દ્રષ્ટિએ સોલંકીકાળના કિલ્લા કરતાં ઘણા ઉતરતી કક્ષાના છે. તેમાં પથ્થર સાથે ઈંટ, માટી, ચૂનાનો ઉપયોગ વિશેષ કરેલો છે. કિલ્લા પર તોપો મુકવા માટે બુરજો અને પ્રવેશદ્વારા આગળ કોઠાની રચના કરેલી હોય છે. બારણા ઉપર મોટા ખીલા અને પાછળ મોટી ભોગળો હોય છે. દુશ્મનો પર પ્રહાર કરવા દીવાલમાં બાકોરા અને કાંગરા છે. શિલ્પો ઓછા જોવા મળે છે.

**મંદિરો :** *આ સમયે મુસ્લિમ આક્રમણોને લીધે મંદિરો બાંધવાની પ્રવૃત્તિ ઘણી ઓછી થઈ ગઈ હતી, તેમ છતાં આ સમયના મળેલા અભિલેખોમાંથી વિવિધ દેવદેવીઓનાં હિંદુ તથા જૈન મંદિરો બંધાયાના ઉલ્લેખો મળી આવે છે. સલ્તનતકાળમાં ધામલેજ, સોમનાથ, પાટણ, ચાંદોદ, ગુણેઠા વગેરે સ્થળોએ નાનાં મોટાં હિંદુ મંદિરો અને ખંભાત, શત્રુંજય, આબુ વગેરે સ્થળોએ કેટલાંક જૈન મંદિરો બંધાયા હતાં તેમ જ ઘણાંનો જીર્ણોદ્ધારથયો હતો. અમદાવાદના ઝવેરીવાડ લતામાં પાર્શ્વનાથના મંદિરોનો જીર્ણોદ્ધારઈ.સ. 1544માં થયો હતો. આ ઉપરાંત ઉપલબ્ધ સમકાલીન અભિલેખોમાંથી પણ ગુજરાતનાં વિવિધ સ્થળોએ નાનાં મોટાં દેવાલયો બંધાયાના ઉલ્લેખો મળે છે.*

**પ્રભાસ પાટણના સૂર્ય મંદિરો :** *પ્રભાસ પાટણમાં ત્રિવેણી પાસે એક સૂર્યમંદિર આવેલું છે. મંદિર પૂર્વાભિમુખ છે. તેમાં ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, ગૂઢમંડપ, શૃંગાર ચોકી વગેરે આવેલા છે. મંદિરોની પીઠમાં અશ્વરથની હારમાળા જોવા મળે છે. આ મંદિર લગભગ 14મી સદીમાં બંધાયું હોવાનું મનાય છે. મંદિરની દ્વારે શાખામાં ગણેશનું શિલ્પ છે. ઓતરંગ પર નવગ્રહોનો પાટ છે. ગર્ભગૃહમાં નાની સૂર્યપ્રતિમા છે. જંઘાના ભદ્ર ગવાક્ષોની બંને બાજુએ ક્યાંક ક્યાંક નર્તકીઓના શિલ્પો સચવાય રહ્યા છે. મુખ્ય શિખરના દર્શનીય ભાગમાં સૂર્યની પ્રતિમાઓ આવેલી છે.*

*પ્રભાસ પાટણમાં હિરણ નદીના કાઠે બીજું એક સૂર્ય મંદિર આવેલું છે. આ મંદિર પશ્ચિમાભિમુખ છે. મંદિર ગર્ભગૃહ, ગૂઢમંડપ, મુખમંડપ, પ્રદક્ષિણાપથ, વગેરેથી શોભે છે. ગર્ભગૃહના ગવાક્ષોમાં સૂર્યની ખંડિત પ્રતિમાઓ આવેલી છે. અહીંની સેવ્ય પ્રતિમા વેરાવળના હાટકેશ્વર મંદિરમાં લઈ જવાઈ હોવાનું મનાય છે, મંદિરમાં નવ ગ્રહ, નર્તકીઓ વગેરેના શિલ્પો નજરે પડે છે. આ મંદિર લગભગ 14મી સદી કરતા પ્રાચીન હોય તેમ લાગતું નથી.*

**ભેટાલીનું શિવમંદિર :** *સાબરકાંઠા જીલ્લામાં આ મંદિર શિવ પંચાયત 15મી સદીનું હોવાનું મનાય છે. ત્યાં મુખ્ય મંદિર શિવનું છે. મંદિર ગર્ભગૃહ, અંતરાલ, શૃંગાર ચોકી વગેરેથી શોભે છે. મંડોવરના થરોમાં વિવિધ દેવદેવીઓ દિક્પાલો, અપ્સરાઓ વગેરેના શિલ્પો આવેલા છે. ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્યના મંદિરો અનુક્રમે ગણેશ, સ્કંદ, સૂર્ય અને પાર્વતીના છે. પાર્વતીની પ્રતિમાની પાટલી પર વિ.સ. 1507 નો લેખ છે.*

**પાવાગઢનાં જૈન મંદિરોનો સમૂહ :** *પાવાગઢ ઉપર આવેલ નવલખા મંદિરો કાલિકા માતાની ટોચ પર આવેલ ચંદ્રપ્રભ અને સુપાર્શ્વનાથના મંદિરો અને પાર્શ્વનાથનું મંદિર તથા એની આજુબાજુ આવેલાં મંદિરો ચૌદમી સદીનાં હોય તેમ લાગે છે. નવલખા મંદિર સમૂહમાં ત્રણ મંદિર આવેલાં છે. મંદિરને ફરતો કોટ છે. દીવાલો વિવિધ શિલ્પોથી શણગારેલી છે. શિખર અર્વાચીન હોય તેમ લાગે છે. ચંદ્રપ્રભ અને સુપાર્શ્વનાથના મંદિરોને ફરતા કોટ છે. તેમનો અવારનવાર જીર્ણોદ્ધારથયો હોય તેમ જણાય છે.*

**વડનગરનું હાટકેશ્વરનું મંદિર :** *વડનગરમાં નાગર બ્રાહ્મણોના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવનું પ્રસિદ્ધ મંદિર આવેલું છે. આ મંદિર 14મી 15મી સદીનું મનાય છે. મંદિરમાં ગર્ભગૃહ, અંતરાલ, સભામંડપ ત્રણ શૃંગારચોકીઓ વગેરે અસ્તિત્વમાં છે. મંદિરમાં સુંદર*

*શિલ્પો આવેલાં છે. મંદિરનાં મંડોવર, પીઠ, મંડપ અને શૃંગારચોકીની વેદિકાઓ પર નવગ્રહો, દિકપાળો અને વિવિધ દેવદેવીઓનાં શિલ્પો આવેલાં છે. અહીં કૃષ્ણ અને પાંડવોના કેટલાક જીવનપ્રસંગો કોતરેલા છે.*

### 17.2.2 ઈસ્લામી સ્થાપત્ય

*સલ્તનતકાળ દરમિયાન હિંદુ સ્થાપત્ય કરતાં મુસ્લિમ સ્થાપત્યનો વિકાસ સવિશેષ થયો હતો. મુસ્લિમ સ્થાપત્યમાં મસ્જીદ શ્રેષ્ઠ સ્થાપત્ય છે તેનાં મુખ્ય અંગોમાં બંદગી માટેનો મંડપ, મક્કાની દિશા સૂચવતો મહેરબ, મેહરબનું બાજુએ આવેલ વ્યાસપીઠ (જેના પર બેસીને ઈમામ, હોજા, નમાજના સમયની જાહેરાત કરવાનો મિનારો) વગેરેનો સમાવેશ થાય છે.*

*આ ઉપરાંત ઈદના દિવસે નમાજ પઢવાના સ્થાને ઇદગાહ અને મુસ્લિમ સંતોની કબરો પર ચણવામાં આવેલી ઈમારત મકબરા કે દરગાહ તરીકે ઓળખાવાય છે. મકબરો મોટે ભાગે ચોરસ તળદર્શન વાળી ઘુમ્મટવાળી ઈમારત તરીકે ઓળખાય છે, તેમાં કબરવાળા ખંડમાં ચારે તરફ સુંદર આકૃતિવાળી જાળીઓ હોય છે. મસ્જિદ અને મકબરાનો સમાવેશ થતો હોય તેવી ઈમારતને 'રોજો' કહેવાય છે.*

*ગુજરાતમાં સલ્તનતકાળમાં બંધાયેલ મસ્જિદો, રોજો, મકબરો વગેરે ઉત્તમ ઈમારતો જોવા મળે છે.*

*સલ્તનતકાળ દરમિયાન બંધાયેલ મુસ્લિમ સ્થાપત્યમાં ભરૂચની જામી મસ્જિદ, ખંભાતની જામી મસ્જિદ, ધોળકાની હિલાલખાન કાઝીની મસ્જિદ, ધોળકાની ટાંકાની મસ્જિદ, અમદાવાદની અહમદશાહ પહેલાની મસ્જિદ હેબતખાનની મસ્જિદ, સૈયદ આલમની મસ્જિદ, અહમદશાહનો રોજો, રાણી હજીરો, કુત્બુદ્દીનની મસ્જિદ, મલિક શાબાનનો રોજો, મલિક શાબાનની મસ્જિદ, સારંગપુરની મસ્જિદ, બીબીજી કિ મસ્જિદ, સરખેજનો રોજો, સરખેજની મસ્જિદ, મહમૂદ બેગડાની ઈમારતો, મલિક આલમતી મસ્જિદ, આઝુમ મુવાઝમનો રોજો, રૂપમતીની મસ્જિદ, સારંગપુરની મસ્જિદ, દરિયાખાનનો ઘુમ્મટ, અચુતકુકીની મસ્જિદ, મિયાંખાન જૂના રેલ્વે સ્ટેશન પાસેના ઈંટેરી મિનારા, શાહઆલમનો રોજો, રાણી સિપ્રીની મસ્જિદ, ચાંપાનેરની જામી મસ્જિદ અને રોજો, સીદી સૈયેદની મસ્જિદ વગેરે સ્થાપત્યો ગુજરાતમાં હાલમાં જોવા મળે છે.*

*ટૂંકમાં સલ્તનતકાળ દરમિયાન ગુજરાતમાં ઉત્તમ પ્રકારનુ મુસ્લિમ સ્થાપત્ય રચાયું. આ સમયનાં સ્થાપત્યની વિશેષતા જાળીઓ અને કોતરણી છે. ગોખની કોતરણી અદભુત હોય છે. અમદાવાદની મસ્જિદની જાળીઓ જગતની સર્વોત્તમ કૃતિઓ મનાય છે. જાળીઓમાંથી મંદ મંદ હવા આવે છે, એ તેની વિશેષતા છે. મુસ્લિમ સ્થાપત્યોમાં ગોખ, ઝરુખા મિનારા વગેરેનું આગવું સ્થાન હોય છે. આ ઉપરાંત મસ્જિદો સાથે મકબરાઓ પણ ઘણાં આકર્ષક હોય છે. મકબરાઓ મુસ્લિમ સંતોના માનમાં બાંધેલી મોટી ઈમારતો હોય છે. તેમાં જાળી, ઘુમ્મટ વગેરેની સુંદર વ્યવસ્થા હોય છે. મકબરા ઉપરાંત કેટલીક મસ્જિદો સાથે ઇદગાહ બાંધવામાં આવેલી હોય છે. અહીં ઈદના દિવસે નમાઝ પઢવા અનેક મુસલમાનો એકત્ર થાય છે. ઇદગાહ પશ્ચિમાભિમુખ, મિહરાબયુક્ત ખુલ્લા*

*મેદાનવાળી હોય છે. આમ, સલ્તનતકાળમાં ઈસ્લામની અસર નીચે ઘણું નોંધપાત્ર ધાર્મિક સ્થાપત્ય વિકસ્યું હતું.*

**શિલ્પ**

*ગુજરાતમાં મુસ્લિમ સલ્તનતની સ્થપના થતા મંદિર સ્થાપત્યનો વિકાસ અટકી ગયો. તેને કારણે ઘણાં શિલ્પીઓ રાજસ્થાન મેવાડ વગેરે સ્થળોએ ચાલ્યા ગયા. છતાં ગુજરાતના કેટલાંક હિંદુ રાજ્યોમાં મંદિરો બંધાતા હોવાથી કેટલાક શિલ્પીઓ ગુજરાતમાં ટકી રહ્યા. આ શિલ્પીઓએ ગુજરાતના સુલતાનોના પ્રોત્સાહનથી હિંદુ-મુસ્લિમ શિલ્પશૈલી વિકસાવી આના પરિણામે મસ્જિદોમાં ભૌમિતિક આકૃતિઓ, ફળવેલ વગેરેનું કંડારણ થવા લાગ્યું. તે સાથે ગુજરાતી વિશિષ્ટ કાફ્ટકલાનો વિકાસ થયો. આજે પણ ગુજરાતમાં અનેક સ્થળોએથી લાકડા ઉપર સુંદર કોતરકામ કરેલા નમૂના જોવા મળે છે. લાકડા પરના કોતરકામનો એક ઉત્તમ નમૂનો લાકડાનો કલામય હીંચકો હાલમાં અમદાવાદમાં કાંકરિયા આગળની બાલવાટિકામાં રાખેલો છે.*

*આ સમયે કોતરાયેલી અનેક હિંદુ-જૈન પ્રતિમાઓ ગુજરાતનાં જુદાં જુદાં સ્થળો જેવાં કે અમદાવાદ, ખંભાત, ગિરનાર, આબુ પાટણ, શામળાજી, વડનગર, દ્વારકા વગેરે સ્થળોએથી મળી આવે છે.*

**દેવો અને મનુષ્યોની પ્રતિમાઓ**

*હિંદુ દેવોની પ્રતિમાઓમાં મુખ્યત્વે વિષ્ણુ, સૂર્ય, શિવ, બ્રહ્મા, વિષ્ણુના દશાવતાર, અંબિકા મહિસાસુર, મર્દિની, દિક્પાલ અગ્નિ, વરુણ વગેરે તથા જૈન પ્રતિમાઓમાં વિવિધ તીર્થકરો પક્ષ-પક્ષીણીઓ વગેરેની પ્રતિમાઓ આ સમયે બંધાયેલા મંદિરોમાંથી મળે છે.*

*વિષ્ણુની પ્રતિમાઓ અરવલ્લી જિલ્લામાં આવેલ શામળાજી, ગઢા શામળાજી, રાધીવાડા પાટણ વગેરે સ્થળોએથી મળે છે. આ સમયની મળતી વિષ્ણુની પ્રતિમાઓમાં વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની પ્રતિમાઓ સવિશેષ મળે છે. પ્રતિમાઓ કાળા પથ્થરોમાંથી કંડારેલી છે. ચતુર્ભુજ છે, આયુધોમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ જોવા મળે છે. દશાવતાર વિષ્ણુની એક પ્રતિમા અમદાવાદ ગુજરાત વિદ્યાસભા અને ભોજે વિદ્યાભવનના પુરાવસ્તુ સંગ્રહાલયમાં સચવાયેલી છે. ચતુર્ભુજ વિષ્ણુના જમણા હાથમાં ગદા અને ઉપલા ડાબા હાથમાં ચક્ર છે. નીચલો જમણો હાથ વરદ મુદ્રામાં છે. નીચલો ડાબો હાથ ખંડિત છે. વડનગર હાટકેશ્વર મહાદેવમાં વિષ્ણુના મતસ્યાવતારની પ્રતિમા આવેલી છે.*

*ખંભાતમાંથી બ્રહ્મા-સાવિત્રીની પ્રતિમાઓ તથા ઉમા-મહેશ્વરની પ્રતિમાઓ મળેલી છે. આ ઉપરાંત ધોળકા માંથી ગરુડની પ્રતિમા, કિશનગઢમાંથી નાગદમનની પ્રતિમા, વંથળી( જુનાગઢ) માંથી સૂર્યની પ્રતિમા થાનના સૂર્ય-મંદિર માંથી સૂર્ય, સંજ્ઞા અને છાયાની ત્રણ પ્રતિમાઓ પોળોમાંથી બ્રહ્મા અને વૈષ્ણવની પ્રતિમાઓ ખંભાતના કુમારેશ્વર મંદિરમાંથી અષ્ટભુજ ગૌરીની પ્રતિમા, ધોળકામાંથી મળેલી વિ.સં.* 1614 *(ઈ.સ.* 1557-58*) નો લેખ ધરાવતી મહિષાસુર મર્દિનીની પ્રતિમા, અડાલજની વાવનું*

*નવગ્રહનું શિલ્પ, શામળાજીના મંદિરની બ્રહ્મા, અગ્નિ, વરુણ, વૈષ્ણવી, દિક્પાલો વગેરેની વિવિધ પ્રતિમાઓ સલ્તનતકાલીન હોવાનું જણાય છે.*

**માનવ શિલ્પો :**

*આ સમયમાં કંડારાયેલ કેટલાક માનવ શિલ્પોમાં આબુના વિમલસહીમાં શ્રાવક-શ્રાવિકાનાં પાંચ શિલ્પો (ઈ.સ. 1321-22)દેરી નંબર 20માં આવેલી શેખર સૂરિની પ્રતિમા, લુણવસહીમાં આવેલ રાજીમતીની પ્રતિમા આભાપુરમાં આવેલ શિવ શક્તિ મંદિરના સ્તંભો પરની સ્ત્રીઓનાં શિલ્પો વગેરે નોંધપાત્ર છે.*

*આ ઉપરાંત આ સમયના પાળિયાઓ ઉપર કેટલીક માનવ-આકૃત્તિઓ કોતરાયેલી નજરે પડે છે. અલબત આ આકૃત્તિઓ કલાની દ્રષ્ટિએ તદ્દન નીચલી કક્ષાની હોય છે. આવાં શિલ્પોમાં ઘોડેસ્વાર, યુદ્ધ કરતો સૈનિક સતી સ્ત્રી વગેરે હોય છે. આ સમયના પાળિયાઓ કચ્છ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત વગેરે સ્થળોએથી વિપુલ પ્રમાણમાં મળે છે.*

**રૂપાંકનો**

*અમદાવાદમાં આવેલ જામા મસ્જિદ, અહમદશાહનો રોજો, સરખેજનો રોજો. સીદી સૈયદની મસ્જિદ, શાહ આલમનો રોજો, રૂપમતીની મસ્જિદ વગેરે સ્થળોનાં ભૌમિતિક સુશોભનો, ફુલવેલની ડિઝાઈનો જાળીઓ વગેરે ઘણાં જ કલામય છે. ઘણી મસ્જિદોના ઝરૂખા કમાનો કબરો વગેરે ઉપર સુંદર રેખાંકનો જોવા મળે છે. દા.ત. રૂપમતી મસ્જિદના અને રાણી સિપ્રીની મસ્જિદ'ના ઝરૂખા, અડાલજની વાવના ઝરૂખા, અમદાવાદમાં આવેલ શાહઆલમના રોજાની જાળીઓનું રૂપાંકન ઘણું જ વૈવિધ્યવાળું છે. સીદી સૈયદની મસ્જિદની જાળીની ફૂલવેલની આકૃત્તિ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. અમદાવાદની જામા મસ્જિદના ગોખમાં તે,જ હસન ચિશ્તીની મસ્જિદના ગોખમાંથી કલ્પવૃક્ષની આકૃતિઓ કલાની દ્રષ્ટિએ ઘણી જ ઉત્તમ છે. ધોળકાની મસ્જિદના મિનારાઓ પર કેટલીક ભૌમિતિક આકૃત્તિઓ જોવા મળે છે.*

**17.2.3 સલ્તનતયુગની કલા**

*આ સમયના ચિત્રોવાળી કેટલીક હસ્તપ્રતો સારાભાઈ નવાબના સંગ્રહાલયમાં સચવાયેલી છે. તેમના 'જૈન ચિત્રકલ્પ દ્રુમ' નામના ગ્રંથમાંથી લઘુચિત્ર-શૈલીના આ સમયના ઘણાં નમૂના મળી આવે છે.*

**સંગીત :** *પંદરમી સદીમાં મુસ્લિમ આક્રમણો થતાં ગુજરાતનું સંગીત મોટે ભાગે વૈષ્ણવ હવેલીઓમાં સચવાયું. આ સમયનું સંગીત ભક્તિપ્રધાન હતું. આ સમયનો મહાન સંગીતકાર વૈજનાથદાસ (બૈજુ) ચાંપાનેર નિવાસી હતો તે સમય જતાં મુઘલ દરબારનો માનીતો સંગીતકાર બન્યો હતો. તેણે 'સંગીત એકાદશા' નામનો ગ્રંથ રચ્યો હતો.*

**નાટ્યકલા :** *સલ્તનતકાળ દરમિયાન નાટ્યકલાના ક્ષેત્રમાં ભવાઈનું સ્થાન મહત્વનું હતું. આ સમયે ભવાઈના વિવિધ વેશો ભજવાતા ભવાઈના વેશો રસ્તામાં ચોરામાં કે મંદિરના*

*ચોકમાં ભજવાતા ભવાઈ શક્તિમાતાની ઉપાસનાનો એક પ્રકાર છે. એમ મનાતું એમાં સંવાદ કરતા, ગીત, વાદ્ય અને નર્તનને પ્રાધાન્ય અપાય છે. આ સમયે ભવાઈ દ્વારા નાટ્યકલા જીવંત અને લોકપ્રિય બની હતી.*

- **તમારી પ્રગતિ ચકાસો – 1 :**
  1. *અડાલજની વાવનું સ્થાપત્ય વર્ણવો. લગભગ-10 લીટીમાં*

     ______________________________

     ______________________________

     ______________________________

     ______________________________

     ______________________________

  2. *સલ્તનતકાળ દરમિયાન બધાયેલ મસ્જિદોનાં નામ આપો.*

     ______________________________

     ______________________________

     ______________________________

     ______________________________

     ______________________________

  3. *સલ્તનતકાળની ચિત્રકલાનું વર્ણન કરો. 10 લીટીમાં*

     ______________________________

     ______________________________

     ______________________________

     ______________________________

     ______________________________

## 17.3 મુઘલયુગનું કલા સ્થાપત્ય

*સ્થાપત્ય અને કલા એ પ્રજાના સાંસ્કૃતિક જીવનમાં મહત્વના અંગ છે. ચૌલુક્ય કાળમાં તેનો ગુજરાતમાં સારી રીતે વિકાસ થયો, પણ મુસ્લિમ સત્તા સ્થપાતાં તેમાં ઓટ આવી, સલ્તનતકાળમાં મુસ્લિમ આક્રમણોને લીધે હિંદુ દેવાલયો બાંધવાની પ્રવૃત્તિ અટકી ગઈ, પણ અમદાવાદમાં અને ગુજરાતનાં અન્ય સ્થળોએ વિવિધ પ્રકારનાં ઈસ્લામ ધર્મના બાંધકામ શરૂ થયાં. અમદાવાદમાં ઉત્તમ પ્રકારનું મુસ્લિમ સ્થાપત્ય સર્જાયું. મુઘલકાળમાં ગુજરાતમાં રાજકીય શાંતિ સ્થપાતાં ધીરે ધીરે હિંદુ દેવળો બાંધવાની પ્રવૃત્તિ શરૂ થઈ. ગુજરાતના મુઘલકાલીન બાંધકામ વિશે ફરગ્યુસન નોંધે છે કે 'ગુજરાતમાં સ્વતંત્ર બાદશાહીનો નાશ થયા પછી દરેક જાતનાં મકાનો નૈસર્ગિક હોવાથી જ્યારે જ્યારે તક મળતી ત્યારે ત્યારે તે ખીલી ઉઠતી. આ સમયના બાંધકામોમાં મહ્દ અંશે ધ્રાંગધ્રા, ઈડર વગેરે બાજુના પથ્થરોનો સારી રીતે ઉપયોગ થયો છે. આ સમયના દેવાલયો મસ્જિદો, રોજા, જળાશયો, દુર્ગો વગેરેના ઉલ્લેખ ઉપલબ્ધ અભિલેખો અને સમકાલીન સાહિત્યમાંથી મળે છે.*

### 17.3.1 હિંદુ સ્થાપત્ય

**ઉલ્લેખિત મંદિરો :** *ઈ.સ.* 1571 *ધોળકાના સિદ્ધનાથ મહાદેવમાં આવેલા એક લેખ પરથી જણાય છે કે રાણક નામના બ્રાહ્મણે ધોળકામાં રાણકેશ્વર નામનું શિવાલય બંધાવ્યું. ઈ.સ.* 1574*માં કચ્છના રાવ ખેંગારજીએ વૈષ્ણવ સંપ્રદાયનું 'સુંદરવર' નામનું એક મંદિર માંડવી કચ્છમાં બંધાવ્યું. હાલ આ મંદિરના કેટલાંક અવશેષો જોવા મળે છે. મંદિર પૂર્વાભિમુખ છે સભામંડપ છે. સ્તંભો કેટલાક ગોળ અને કેટલાક અષ્ટકોણ છે, મંદિરના ગર્ભગૃહમાં સુદરવરજીની પ્રતિમા પધરાવેલી છે. આ સાથે અહી બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ભૈરવ, લક્ષ્મી વગેરે દેવદેવીઓનાં સુંદર શિલ્પો આવેલાં છે. ઈ.સ.* 1579*માં ગેડી(કચ્છ)માં સાચોરાબ્રાહ્મણ ગોપાલદેવે અચલેશ્વરનું મંદિર બંધાવ્યું. તેમાં મહાદેવનું લિંગ ચતુર્મુખ છે. ઈ.સ.* 1585*માં અકબર બાદશાહના સમયમાં અમદાવાદમાં સરસપુર રખિયાલમાં માલીએ જીર્ણોદ્ધાર કરાવ્યો.*

*આ ઉપરાંત ખંભાતમાં વિજયા અને રાજિયાએ બંધાવેલ ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર (ઈ.સ.* 1588)*પાટણમાં અમરદત્તે બંધાયેલ વાડી પાશ્વનાથનું મંદિર (ઈ.સ.* 1596*),અમદાવાદમાં શામળાની પોળમાં સંઘવી સોમજીએ બંધાયેલ પાર્શ્વનાથનું મંદિર (ઈ.સ.*1597*) તથા શેઠ શાંતિદાસ ઝવેરીએ બંધાવેલ ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર (ઈ.સ.* 1622*) હાપરમાં ઉમાબાઈએ બંધાયેલ શિવનું મંદિર (ઈ.સ.* 1600*) કાવીમાં સાસુવહુનાં મંદિરો નામે ઓળખાતાં આદીશ્વર ભગવાન અને ધર્મનાથનાં મંદિરો, ગિરનાર ઉપર સીધરામ સોનીએ બંધાયેલ પાર્શ્વનાથનું મંદિર શંખેશ્વરનું જૈન મંદિર, વિઝણનું રખેશ્વર મહાદેવ, પાવાગઢમાં કંથાજી કદમેં બંધાવેલું મંદિર (ઈ.સ.* 1758*) સતારાના ગોપાલ જગન્નાથ તાબેકરે બંધાવેલ ડાકોરનું પ્રસિદ્ધ મંદિર (ઈ.સ.* 1772*) વગેરે મુઘલકાળ દરમિયાન અસ્તિત્વમાં આવ્યાં.*

### કેટલાંક નોંધપાત્ર મંદિરો

**ખંભાતનું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર :** *ગાંધાર શ્રીમાળી કુળના પરીખ વજિયા અને રાજિયા નામના બે ભાઈઓએ ઈ.સ.* 1588*માં ખંભાતમાં ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર બંધાવીને પાર્શ્વનાથની પ્રતિમા પધરાવી. આ મંદિરને* 12 *સ્તંભો, ૬ દ્વાર અને* 7 *દેવકુલિકાઓ હતી. મંદિરમાં ભોંયરાની સન્મુખ ગણેશની પ્રતિમા સ્થાપી હતી. દેવકુલિકાઓમાં ઋષભદેવ, મહાવીરસ્વામી, શાંતિનાથ વગેરે તીર્થંકરોની પ્રતિમાઓ પધરાવી હતી. આ ઉપરાંત સ્થળોએ દ્વારપાલો યક્ષ-યક્ષણીઓ, હાથી, સિંહ વગેરેનાં શિલ્પો ગોઠવેલાં હતાં. સ્થાપત્યની દ્રષ્ટિએ મંદિર ઉત્તમ પ્રકારનું હતું.*

**માંડવીનું સુંદરવરનું મંદિર :** *આ મંદિર કચ્છના રાવ ખેંગારજીએ માંડવી (કચ્છ)માં ઈ.સ.* 1575*માં બંધાવેલું મંદિર પશ્ચિમાભિમુખ છે. ગર્ભગૃહમાં સુંદરવરજીની શ્યામ પાષણની પ્રતિમા નજરે પડે છે. સભામંડપમાં દાખલ થવા માટે ત્રણે બાજુ મુખમંડપ કાઢેલા છે. મંડપનું વિશાલ વેદિકાઓ છે.*

**પાટણનું વાડી પાર્શ્વનાથનું મંદિર :** *પાટણના ઝવેરીવાડમાં આવેલું આ મંદિર ઈ.સ. 1594-96 દરમિયાન ઓસવાલ જ્ઞાતિનાભીમજી કુંવરજી અને તેમના કુટુંબીજનોએ આત્મશ્રેયાર્થ બંધાવેલુ. આ મંદિરને લગતો એક લેખ મંદિરના મુખ્ય મંદિરની દીવાલમાં આવેલો છે. હાલમાં મૂળ મંદિરનો નાશ થતાં તેની જગ્યાએ નવું મંદિર બંધાવવામાં આવ્યું છે. મંડપના ઘુમ્મટમાં નર્તકીઓની સુંદર પ્રતિમાઓ આવેલી છે. અહીં દિક્પાલોની પ્રતિમાઓ તેમનાં વાહનો સાથે ગોઠવેલી છે.*

**કુંભારિયાનું નેમિનાથ મંદિર :** *ગુજરાતની ઉત્તરે આવેલું અંબાજી નજીક કુમ્ભારીયાનાં જૈન મંદિરોનો સમૂહ આવેલો છે. અહીનું સૌથી મોટું મંદિર નેમિનાથનું મંદિર છે. આ મંદિર મૂળ બારમાં સૈકાનું હોવાનું મનાય છે. અહીની મૂળ નાયકની પ્રતિમા ઉપરથી મળેલ ઈ.સ. 1619ના લેખમાં જણાવ્યા મુજબ એ પ્રતિમા ઓસવાલ જ્ઞાતિના બહુરા રાજપાલે કરાવી હતી. મંદિર ત્રણ ગર્ભગૃહ, ગૂઢમંડપ, રંગમંડપ તથા ચોવીસદેવકુલીકાઓવાળું છે. તેનું શિખર તારંગાના જૈન દેવાલયના શિખર જેવું છે. તેના કેટલાક સ્તંભો આબુના વિમલવસહીના સ્તંભોને મળતા આવે છે. મંદિરને નાની મોટી કમાનો તથા તોરણોથી અલંકૃત કરેલું છે. રંગમંડપની છતમાં સુંદર કોતરણી જોવા મળે છે. ભરતીની દેવકુલીકાઓની કેટલીક મૂર્તિઓ ખંડિત થયેલી છે. પૂર્વ તરફની વચલી મોટી દેરીને આદિનાથની પ્રતિમા ઉપર વિ.સં. 1675 વાળો લેખ જોવા મળે છે.*

*મંદિરમાં બધાં મળીને કુલ 94 સ્તંભો છે. તે પૈકી 22 સ્તંભો ઉપર વિવિધ દેવદેવીઓ અને વિદ્યાદેવીઓની સુંદર પ્રતિમાઓ કંડારેલી છે. મંદિરની પીઠીકામાં ગજરથ અને નરથરના શિલ્પો તથા મંડોવરની જંઘામાં દીકપાલો, યક્ષ-યક્ષિણીઓ વગેરેનાં શિલ્પો નજરે પડે છે. મંદિરમાં કોઈક સ્થળોએ ભોત્રાઅન્નના શિલ્પો જોવા મળે છે.*

**પ્રભાસનું સોમનાથનું મંદિર :** *ગુજરાતના પશ્ચિમ તરફના સમુદ્રના કિનારે આવેલું સોમનાથ ગુજરાતનું એક મહત્વનું તીર્થધામ છે. અહી એક પ્રાચીન ભવ્ય મંદિર બંધાયેલું હતું, મુસ્લિમોના આક્રમણથી તેનો નાશ થયો. સમય જતાં અકબરના સમયમાં તેનો જીર્ણોદ્ધાર થયેલો. આ મંદિરમાં પૂજા મોટાં પાયા પર થતી પણ ઔરંગાઝેબના સમયમાં ફરી પાછો આ મંદિરોનો નાશ થયો. મુઘલકાળનાં અંતમાં આ મંદિર ખંડેર રૂપે જ અસ્તિત્વ ધરાવતું હતું.*

### 17.3.2 ઇસ્લામી સ્થાપત્ય

*મુઘલકાળમાં અમદાવાદ, સુરત, પાટણ, ભરૂચ, પેટલાદ, કડી, વડોદરા, ઘોઘા, વિસાવડ, વિજાપુર, નવસારી, મહેસાણા, જામનગર, વિરમગામ, દાહોદ, જૂનાગઢ, અમરેલી, ભુજ, વેરાવળ, કુતિયાણા વગેરે સ્થળોએ મસ્જિદો મકરબા અને રોજા બંધાયાનું વિભિન્ન અભિલેખોમાંથી જાણવા મળે છે. આ સમયે બંધાયેલા મુસ્લિમ સ્થાપત્યો હિંદુ મંદિરોને તોડીને બંધાયા હોવાના દાખલાઓ અલ્પ પ્રમાણમાં જોવા મળે છે. સિદ્ધપુરમાં ખંડેરોમાં મસ્જિદ બંધાયેલી તથા શેઠ શાંતિદાસ ઝવેરીના ચિંતામણી પાર્શ્વનાથ મંદિરમાં મસ્જિદને ફેરવી નાખવામાં આવેલી એના નમૂના મળે છે.*

**મુઘલકાળમાં નીચેની કેટલીક નોંધપાત્ર મસ્જિદો બંધાઈ.**

**સૂબા આઝમખાંએ બંધાવેલી મસ્જિદ :** *રાણપુરના શાહપુર નામના કિલ્લામાં વિ.સ. 1050(ઈ.સ. 1647) માં સૂબા આઝમખાએ મસ્જિદ બંધાવેલી એ મતલબનો લેખ કિલ્લામાંથી મળ્યો છે.*

**નવાબ સરદારખાંની મસ્જિદ :** *આ નવાબ જ્યારે ઔરંગઝેબના સમયમાં અમદાવાદનો સૂબો ત્યારે તેણે અમદાવાદમાં પોતાના માટે મસ્જિદ અને દરગાહ બંધાવી હતી. આ મસ્જિદ અમદાવાદમાં જમાલપુરમાં આવેલી છે.*

**નવાબ સુજાત મસ્જિદ :** *અમદાવાદમાં મિરજાપુરમાં આવેલી આ મસ્જિદ અમદાવાદના સૂબા સુજાતખાંએ ઔરંગઝેબના સમયમાં બંધાવી હતી. તેની બાંધણી કમાનો ઘુમ્મટ વગેરે મુઘલ પદ્ધતિનાં છે. દીવાલમાં આરસ જડેલા છે. મસ્જિદનો વિસ્તાર 73'41' છે. આગળનો ચોક 80'70' નો છે. આગળ એક મોટો હોજ છે અને મસ્જિદથી લગભગ સો ફૂટ દૂર સુજાતખાંનો રોજો આવેલો છે.*

**સિદ્ધપુરની જામી મસ્જિદ :** *આ મસ્જિદ હિંદુ મંદિર રુદ્રમાળના ત્રણ ગર્ભગ્રહોના મંડપને આવરી લઈને ઈ.સ. 1645માં શાહજાદા ઔરંગઝેબના સમયમાં બંધાઈ હતી. મસ્જિદમાંના સ્તંભો ઉપરના શિલ્પો કાળજીપૂર્વક ટાંચી નાંખ્યા હોવા છતાં પણ આ હિંદુ મંદિર હોવાની સાક્ષી પૂરે છે. મસ્જિદની પશ્ચિમની દિવાલમાં મધ્યમાં પથ્થરનો મુખ્ય મહેરાબ અને એની બાજુમાં મિંબર કરેલ છે. ગર્ભગૃહોની બહારની દિવાલો અકબંધ છે. બને પાંખોવાળા ઘુમ્મટની પાછળ ગર્ભગૃહ પરનાં શિખર જોવા મળે છે. મસ્જિદના પ્રવેશમાર્ગ પર ચોડેલી આરસની તકતીમાં ફારસી અને દેવનાગરીમાં વિ.સં. 1055 – વિ.સં. 1702 નો લેખ જોવા મળે છે.*

**અમદાવાદનો શાહઅબ્દુલ વ્હાબનો રોજો :**

*આ રોજો ખાનપુર આવેલો છે. એમાંની અસલ મસ્જિદ નાશ પામેલી છે. મધ્યમાં કમાનોથી ટેકવેલો ઘુમ્મટ છે. પ્રવેશ પરના છાવણમાં સંખ્યાબંધ સ્તંભોથી નાના-નાના ઘુમ્મટ કરેલા છે. આ રોજો મુઘલકાળ દરમિયાન અમદાવાદની એક ભવ્ય ઈમારત હોવાની પ્રતીતી કરાવે છે.*

**અમદાવાદનો હજરત પુસા સુહાગનો રોજો :**

*અમદાવાદમાં દિલ્હી દરવાજા બહાર કેમ્પના રસ્તે જતાં ક્રોસિંગ પાસે આવેલો આ રોજો ઈંટ અને ચૂનાથી બાંધેલો છે. એને ફરતો કોટ છે. કોટનું પ્રવેશદ્વાર ભવ્ય છે. અહી પુસાની કબર ઉપરાંત બીજી ચાર કબરો છે. આ રોજાનું મહત્વ સ્થાપત્યની દ્રષ્ટિ કરતાં ધાર્મિક દ્રષ્ટિએ વિશેષ છે. મસ્જિદના કોટમાં અંદરના ભાગમાં ચંપાનું એક પુરાણું ઝાડ આવેલું છે. સંતાન પ્રાપ્તિ કરવાની ઈચ્છાવાળા લોકો અહી વૃક્ષની ડાળીએ કાચની બંગડીઓ ભરાવે છે.*

*આ રોજો સત્તરમી સદીના અંતભાગમાં બંધાયો હોય તેમ લાગે છે.*

આ ઉપરાંત મુઘલકાળ દરમિયાન સરદારખાનનો રોજો, વડોદરાનો કુતુબ્બુદીન મુહમ્મદખાનનો મકબરો, થરાદનો અમીરબેગનો મકબરો, અમદાવદનો શેખ વજીઉદ્દીનનો રોજો, ભરૂચની મદ્રેસા મસ્જિદ, સુરતની ખ્વાજા દાન સાહેબની દરગાહ, એદ્રુસ સાહેબની દરગાહ, અમદાવદની પીરાન દરગાહ, હાજુ સાહેબની દરગાહ, મુહમ્મદ અમીરખાનનો મકબરો, મોમીનખાંની મસ્જિદ, પીરમશાહની મસ્જિદ વગેરે દરગાહો અને મકબરાઓ અસ્તિત્વમાં આવ્યાં. આ સર્વ ઈમારતો સ્થાપત્યની દ્રષ્ટિએ નોંધપાત્ર છે.

**રાજ મહેલો :** મુઘલકાળ દરમિયાન આઝમખાંનો રાજમહેલ અને શાહીબાગનો મહેલ નામની બે નોંધપાત્ર ઈમારતો અસ્તિત્વમાં આવી.

**આઝમખાનો મહેલ :** આ મહેલ ભદ્રમાં આવેલો છે. ઈ.સ. ૧૬૩૭માં સૂબા આઝમખાંએ ભદ્રના મુખ્ય દરવાજા પાસે આ મહેલ બંધાવેલો. મહેલમાં મુખ્ય ચોરસ ભાગની લંબાઈ લગભગ 80 મીટર અને પહોળાઈ ૭૦ મીટર છે. ઉત્તર તરફનો દરવાજો ભદ્રના કિલ્લા સાથે જોડી દીધેલો છે. હાલમાં મુખ્ય દરવાજો મુઘલાઈ ઘાટનો છે. દરવાજો પૂર્વાભિમુખ છે. આ ઈમારતને મહેલ નહી પણ સરાઈ તરીકે ઓળખવામાં આવતી.

દરવાજાની અંદર પ્રવેશ કરતા અષ્ટકોણ ઓરડી આવે છે. ઓરડાની સાથે સંલગ્ન ભોયરું છે. તેમાં પ્રકાશ આવવાની વ્યવસ્થા ઘણી સુંદર રીતે કરેલી છે. વચ્ચે સરસ મજાના હોજ આવેલા છે. ફુવારા દ્વારા તેમાં પાણી આવેલ છે. મહેલની ઉત્તરે ભદ્રકાળીનું મંદિર આવેલું છે. જર્મન મુસાફર મેન્ડેલ્સ્લો આ મહેલનું વર્ણન કરતાં જણાવે છે કે 'મેદાને શાહમાં ઈંટોનો બનાવેલ રાજમહેલ છે. એના આગળના ભાગમાં ચાર વખત નોબત વાગે છે. મહેલના મુખ્ય દરવાજા ઉપર એક લેખ આવેલો છે, તેમાં લખ્યું છે કે 'અદલ ઈન્સાફ કરનાર આઝમમાં બહાદુરે શાહજહાંના રાજ્ય વખતે આ મકાન બાંધ્યું. આ મહેલનો ઉપયોગ પાછળથી મદ્રેસા તરીકે થયો હતો. મરાઠા સમયમાં તેમાં લશ્કરી અમલદારો રહેતો હતો. બ્રિટીશ સમયમાં ત્યાં પોસ્ટ ઓફિસ હતી. હાલ સરકારી પુસ્તકોનું વેચાણ થાય છે.

**ખંભાતના નવાબનો મહેલ :** ખંભાતમાં જામી મસ્જિદની બાજુમાં મુઘલાઈ ઘાટનો ખંભાતના નવાબનો એક રાજમહેલ આવેલો છે. મહેલમાં દરબાર ભરવાનો ભાગ ઘણો જ સુંદર છે. ખંભાતમાં રાજમહેલ પાસેના લાલબાગમાં આવેલાં મકાનોનો સમૂહ મુઘલકાલીન જણાય છે. મહેલમાં ફુવારા અને બાગ આવેલા છે.

આ ઉપરાંત ઈ.સ. 1674માં સુરતના કિલ્લેદાર એક મકાન બંધાવ્યું હતું, જેની રચના અમદાવાદના આઝમખાના મહેલને મળતી આવે છે. આ મકાનના નામ ઉપરથી એ લત્તાનું નામ મુઘલસરાઈ પડ્યું છે. માંગરોલમાં આવેલાં રાજમહેલની રચના પણ મુઘલકાલીન હોય તેમ લાગે છે. રાણપુરમાંથી મળેલા લેખમાં જણાવ્યું છે કે સૂબા આઝમ પાંચે નદીના કિનારે હોજ સહિતનું મકાન બંધાવ્યું હતું.

**કિલ્લા :** *મુઘલ સમયમાં રાજકીય દ્રષ્ટિએ કિલ્લાઓનું મહત્વ વિશેષ હતું. મુઘલકાળમાં કેટલાક કિલ્લાઓ અસ્તિત્વમાં આવ્યાં. આ કિલ્લાઓ દિલ્હી અને આગ્રાના કિલ્લાઓની સરખામણીએ ઘણી જ ઉતરતી કક્ષાના હતાં.*

**કાલીનો કિલ્લો :** *મિરાતે અહમદી માં જણાવ્યા પ્રમાણે આ કિલ્લો સાબરમતી નદીના કિનારે આવેલાં કાળી ગામમાં સૂબા આઝમખાને બંધાવ્યો હતો.*

**આઝમાબાદનો કિલ્લો :** *સૂબા આઝમખાને વાત્રક' નદીના કિનારે કોળી લોકો ઉપર અંકુશ રાખવા માટે આ કિલ્લો બંધાવ્યો હતો. આ કિલ્લાના અવશેષો હાલમાં ખેડા જિલ્લાના કપડવંજ ગામની પશ્ચિમે આવેલાં છે.*

**અન્ય કિલ્લાઓ :** *આ ઉપરાંત રાણપુર, અંજાર, જૂનાગઢ, ખંભાત, કડી, અઠવા વગેરે ઠેકાણે મુઘલકાળ દરમિયાન કિલ્લાઓ બાંધવામાં આવ્યા હતાં.*

*મુઘલ શાસકોએ કોઈ નવાં શહેર ભાગ્યે જ વસાવ્યાં હતા, પરંતુ ચાલુ શહેરોનો વિકાસ થયો. મુઘલકાળ દરમિયાન અમદાવાદનો સારો વિકાસ થયો જ્યારે ચાંપાનેરનો વિકાસ નબળો પડ્યો હતો. ખંભાતમાં અકબરના સમયમાં કોટ બંધાયો હોવનું 'તુઝકે જહાંગીરીમાં નોંધાયું છે. અકબરે ખંભાતમાં આવી દરિયાનાં સહુપ્રથમ દર્શન કર્યા તેની યાદમાં અકબરપરું વસાવ્યું તેના હાકેમ હસનખાને તેની સ્મૃતિમાં ત્રણ દરવાજા બંધાવ્યા હોવાનું મનાય છે. ખંભાતમાં જહાંગીરના નામ પરથી જહાંગીરપરું વસાવવામાં આવ્યું હતું. ડોદરામાં માંડવીનો મંડપ મુઘલકાળમાં બંધાયો હતો.*

*મુઘલો બાગ-બગીચાઓના ઘણા શોખીન હતાં મુઘલકાળ દરમિયાન અમદાવાદ, સુરત, ખંભાત, પાલનપુર, જૂનાગઢ વગેરે સ્થળોએ મોટાં બાગ બનાવવામાં આવ્યાં હતાં.*

**ઉલ્લેખિત જળાશયો :**

**પાટણનું ખાન સરોવર :** *આ જળાશય અકબરના સમયમાં સૂબા મિરઝા આઝીઝ કોકાએ ગુજરાતના પાટનગરમાં ઈ.સ.* 1590-93 *બંધાવ્યું હતું. આ તળાવનો ઘેરાવો લગભગ* 1200 *ચો.ફૂટનો હતો. આ તળાવ બંધાવવામાં પાટણનાં પ્રાચીન મંદિરો અને મકાનોના અવશેષોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તળાવની એક બાજુએ ઈ.સ.* 1766-67*માં દામાજી ગાયકવાડે બંધાવેલું એક શિવાલય આવેલું છે.*

*આ ઉપરાંત ઔરંગઝેબના રાજ્યકાળ દરમિયાન જુનાગઢના સરદારખાન ફોજદારે ઈ.સ.* 1666*માં એક તળાવ બંધાવ્યું હતું.*

**કુંડ :** *'મિરાતે અહમદી' માં ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતા કેટલાક કુંડોના ઉલ્લેખ છે જેવાં કે ગંગા-જમના કુંડ, દામોદર કુંડ, લોટી કુંડ, કામીર કુંડ (ખંભાત પાસે) લસુંદરાના કુંડ (કપડવંજ) દેવકી ઉનાઈના કુંડ (ગણદેવી) વગેરે.*

**વાવ :** *બાદશાહ જહાંગીરના સમયમાં અમદાવાદના સલીમપુર નામના પરામાંથી મળેલા એક લેખ પરથી જણાય છે કે મોડાસા કસબાના એક સુલેમાન નામના પરામાંથી સુલેમાન નામના વહોરાએ ઈ.સ.* 1622*માં એક વાવ બંધાવવાની શરૂઆત કરેલી તે ઈ.સ.* 1626*માં પૂરી થઈ હતી. ખંભાત નજીક કસારી ગામ પાસે ઘોઘા (જિ. ભાવનગર)માં*

અમદાવાદમાં પાંચકૂવા પાસેની અમૃતવર્ષીણી વાવ, વાપડની વાવ વગેરે નોંધપાત્ર વાવો મુઘલકાળ દરમિયાન બંધાઈ હતી. એમ ઉપલબ્ધ અભિલેખો પરથી જાણવા મળે છે.

**કૂવા :** સુબા આઝમખાને વિ.સં. 1051 (ઈ.સં. 1642) માં રાણપુરમાં નદીકિનારે એક કૂવો બંધાવ્યો હતો. આ મતલબનો એક લેખ કૂવાની દીવાલમાંથી મળી આવેલો છે.

આ ઉપરાંત ઈ.સ. 1686માં અંજારમાં પૂજારી માધવગરે એક કૂવો બંધાવ્યો હતો. ઈ.સ. 1701માં ઔરંગઝેબના સમયમાં પાટણમાં સાળવીવાડમાં ઢલ કૂવો નામે એક કૂવો કરાવવામાં આવ્યો હતો. તેનો જીર્ણોદ્ધાર ઈ.સ. 1701માં થયો હતો.

ગુજરાતમાં ખેડા જિલ્લામાં વાત્રક નદીના કાંઠે આવેલ આમલિયારાથી 8 કિ.મી દૂર આવેલાં મોડવા ગામમાં એક મુઘલકાલીન કૂવો આવેલો છે. કૂવો મહેમદાવાદના ભમરીયા કૂવાને મળતો છે. તે ઈંટ –માટીનો બનાવેલો છે. કૂવામાં સાંકડી કમાન બનાવેલ છે. તેની બીજી બાજુએ ત્રણ મજલાનો મોટો અને કમાનદાર બારીવાળો ઓરડો બનાવેલો છે. નાનાં ઓરડામાં ભમરીવાળી સીડી છે. દીવાલમાં હવાઉજાસ માટે વ્યવસ્થા છે. અનેક ગોખ છે.

**શિલ્પો :**

મુઘલકાલીન ગુજરાતમાં પ્રાચીનકાળ જેવાં ભવ્ય દેવાલયો ન હોવાથી શિલ્પોમાં વિવિધતા જોવા મળતી નથી આ સમયના શિલ્પો મોટે ભાગે શામળાજી, દ્વારકા જેવા મંદિરોમાં તથા અન્ય દેવળોમાં છૂટા છવાયા મળે છે. તેમાં દેવો, માનવ, આકૃતિઓ, પ્રાણીઓ વગેરે શિલ્પોનો સમાવેશ થાય છે. આ સમયે ભૌમિતિક અને ફૂલવેલીની આકૃત્તિઓનું પ્રાધાન્ય હતું. આ ઉપરાંત ધાતુ કલા અને કાષ્ઠકલાનો વિકાસ થયો હતો.

**દેવોના શિલ્પો :** સાબરકાંઠા જિલ્લાના શામળાજીના ગદાધર મંદિરમાં વિવિધ દેવદેવીઓની પ્રતિમાઓ મળી આવે છે. આમાં વિષ્ણુ, શિવ, ગણેશ, યમ, કુબેર, ઈશાન, અગ્નિ, નૈઋત્વ, વાયુ, ઈન્દ્ર, વરુણ વગેરે દેવદેવીઓનો સમાવેશ થાય છે. દેવીઓનાં શિલ્પોમાં ઈન્દ્રાણી, યમી, વૈષ્ણવી વગેરેનો સમાવેશ થાય છે. મંદિરના નરથરમાં રામ-સીતા તેમજ રામકૃષ્ણનાં સ્વરૂપોની સાથે વિવિધ પ્રસંગો- જેવાં કે લંકાદહન, વાલીવધ, સીતાહરણ, વાસુદેવનું ગોકુલાગમન, કાલીયમર્દન, પૂતનાવધ, દાણલીલા, વસ્ત્રાહરણ વગેરે પ્રસંગો કંડારેલા છે.

આ ઉપરાંત અમદાવાદ, શત્રુંજય ગિરનાર, ખંભાત,પાટણ વગેરે સ્થળોના મુઘલકાલીન જૈન મંદિરોમાં ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ. મહાવીર વગેરે તીર્થકરોની પ્રતિમાઓ ઉપરાંત યક્ષ-યક્ષિણીઓ, વિદ્યાદેવીઓ વગેરેની પ્રતિમાઓ મળી છે.

### 17.3.3 મધ્યયુગની કલા :

**ચિત્રકલા :**

સલ્તનતકાળમાં ચિત્રકલાનો વિકાસ કેટલેક અંશે અટકી ગયો હતો. પરંતુ મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં ચિત્રકલાનો સારી રીતે વિકાસ થયો. અકબર બાદશાહના દરબારમાં ગુજરાતનાં ચિત્રકારોનું ઘણું માન હતું.

*આ સમયે ચિત્રોના વિષય ગ્રંથોના વિષય અનુસાર ધાર્મિક હોઈ તેમાં મુખ્યત્વે દેવદેવીઓ, સાધુ-સાધ્વીઓ, શ્રાવક, શ્રાવિકાઓ, રાજાઓ, નામાંકિત ગૃહસ્થો વગેરે લગતાં ચિત્રો દોરતા. આ સમયનાં ચિત્રો ઈ.સ.1583ની 'સંગ્રહણી સૂત્ર' ની હસ્તપ્રત કચ્છના અંજાર ગામેથી મળેલી ઉત્તરાધ્યયન સૂત્રની ચિત્રોવાળીપોથી મુનિ પુણ્યવિજયજીએ દોશીવાડાની પોળમાંથી ઈ.સ. 1708માં મળેલી ઉપદેશમાલાની પોથી, અમદાવાદના દેવશાના પાડાના ભંડારમાં આવેલ 'હરબલ ચોપાઈ' ની પોથી, વિજયસેન અને વિવેકહર્ષસૂરિએ લગતાં ચિત્રો, 'ધન્નાશાલિભદ્ર-રાસ' ના ચિત્રો, શ્રીધરની ઈ.સ. 1610ની દશકરકંધન ગુજરાતી ભાવાર્થવાળી જોધપુરમાંથી મળેલી પોથી ઈ.સ. 1660ની આસપાસ સુરતમાં લખાયેલ ચંદ્રરાજાના રાસની પોથી, મુંબઈના પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમમાં સચવાયેલી સુરતમાં લખાયેલી અને ચિતરાયેલી 'દુર્ગાશપ્રશતી' ની પોથી વગેરેમાંથી મળી આવે છે.*

*આ સમયની ચિત્રકલામાં મુઘલ ચિત્રશૈલીની અસર વર્તાય છે. પોથીઓ ઉપરાંત મુઘલ શૈલીની અસર દર્શાવતાં બાદશાહ જહાંગીરના હરમાનોને લગતાં બે સુંદર ચિત્રો મળ્યા છે. તેનો ચિત્રકાર શાલિવાહન હતો. ગુજરાતના સમાજજીવન ઉપર કવિ જયદેવના 'ગીતગોવિંદ' ની અસર વધુ હતી. 'ગીતગોવિંદ' ની એક દશાવતારનાં ચિત્રોવાળી પોથી પાટણમાં પ્રો. કાંતિલાલ બી. વ્યાસને મળેલી છે. આ પોથી સત્તરમાં સૈકાની હોવાનું મનાય છે. આ પોથીમાં વિષ્ણુના વરાહ અવતારનું ચિત્ર ઘણું લાબું છે. આમ મુઘલકાળમાં ચિત્રકલા વિકસેલી જોવા મળે છે.*

**સંગીત :** *પંદરમી સદીમાં મુસ્લિમ આક્રમણો થતાં ગુજરાતનું સંગીત મોટે ભાગે વૈષ્ણવ હવેલીઓમાં સચવાયું. આ સમયનું સંગીત ભક્તિપ્રધાન હતું. આ સમયનો મહાન સંગીતકાર વૈજનાથદાસ ચાંપાનેર નિવાસી હતો. તે સમય જતાં મુઘલ દરબારનો માનીતો સંગીતકાર બન્યો હતો. તેણે 'સંગીત' એકાદશા' નામનો ગ્રંથ રચ્યો હતો.*

*ઈ.સ. 1624માં જામનગરમાં દરબારી કવિ શ્રીકંઠે રચેલા 'રાસકૌમુદી' નામના ગ્રંથમાંથી સંગીત વિશેની કેટલીક માહિતી મળે છે. સોળમાં- સત્તરમાં સૈકામાં રચાયેલા જૈન રાસોમાં ખંભાતી રાગનો ઉલ્લેખ થયેલો છે. આજે આ ખંભાતી રાગ ખંભાતમાં ગવાય છે. કે કેમ તે જાણવા મળતું નથી. રસકવિ દયારામે સંગીતના ક્ષેત્રમાં નોંધપાત્ર ફાળો આપેલો છે. તેમનો તંબુર તેમના સ્મૃતિચિહ્ન તરીકે આજે પણ ડભોઈમાં સચવાયેલો છે.*

**નાટ્યકલા :** *મુઘલકાલ દરમિયાન નાટ્યકલાના ક્ષેત્રમાં ભવાઈનું સ્થાન મહત્વનું હતું. આ સમયે ભવાઈના વિવિધ વેશો ભજવાતા. ભવાઈના વેશો રસ્તામાં ચોરામાં કે મંદિરના ચોકમાં ભજવાતા ભવાઈ શકિતમાતાની ઉપાસનાનો એક પ્રકાર છે. એમ મનાતું એમાં સંવાદ કરતા ગીત, વાદ્ય અને નર્તનને પ્રાધાન્ય અપાય છે. આ સમયે ભવાઈ દ્વારા નાટ્યકલા જીવંત અને લોકપ્રિય બની હતી.*

## 17.4 મરાઠા કાલીન કલા સ્થાપત્ય

*આ સમયે કલા અને સ્થાપત્યના ક્ષેત્રે કેટલીક નોંધપાત્ર પ્રગતિ સધાઈ હતી. મરાઠાકાળ દરમિયાન વડોદરા, ભાવનગર, ખંભાત, સુરત, નડીયાદ, કડી, અમરેલી વગેરેને કેટલુંક રાજકીય મહત્વ પ્રાપ્ત થયું હતું. આના પરિણામે નગરોમાં કેટલાંક મકાનો બંધાયા હતાં. નડીયાદને ખંડેરાવ ગાયકવાડે રાજધાની બનાવી હોવાથી શહેરની આસપાસ કોટ બંધાયો કોટને નવ દરવાજા હતાં. કચ્છમાં જમાદાર ફતેહમામદે વાગડમાં બાદરગઢ અને ફતેહગઢ નામના બે કિલ્લા સરહદના રક્ષણ અર્થે કરાવ્યા. કડીમાં મલ્હારરાવ ગાયકવાડે રંગમહેલ અને સૂપડા મહેલ નામની ઈમારત બંધાવી હાલમાં આ મહેલોના અવશેષો કડીમાં જોવા મળે છે. થામણામાં ગંગાદત્તજી માહેશ્વરજીએ 'દેવજીની હવેલી' નામે પ્રખ્યાત ઈમારત બંધાવી. ઈ.સ.* 1781*માં સુરતમાં બક્ષીમીર નજમુદ્દીને દરિયા-મહેલ નામનો મહેલ બંધાવ્યો.*

*આ સમયે કેટલાંક નવાં જળાશયો બંધાયા. ઈ.સ.* 1806*માં પાટણમાં બારોટ બહાદુરસિંગ જનકરણસિંગે પાંચ મજલાની એક વાવ બંધાવી. એમાં બે માળ ઈંટોના અને ત્રણ માળ પથ્થરના છે. ઈ.સ.* 1752*માં સોજીત્રામાં મોગરાળ તળાવ બંધાવવામાં આવ્યું. આ ઉપરાંત નડીયાદમાં રતન તળાવ, શંખોદ્વાર (સૌરાષ્ટ્ર)માં દામાજી સરોવરનો આરો વગેરે આ સમયે બંધાયા. સુરતમાં અને પાટણમાં નવા બાગ કરાયા.*

### 17.4.1 હિંદુ સ્થાપત્ય

**હિંદુ મંદિરો :** *વડોદરામાં ગાયકવાડ સરકાર અસ્તિત્વમાં આવતાં કેટલાંક હિંદુ મંદિરો બંધાયાં હતાં. આ સમયે સોલંકીકાળની શૈલીનાં કેટલાક શિવ મંદિરો અને વૈષ્ણવોનાં હવેલી મંદિરો અસ્તિત્વમાં આવ્યાં. શિવાલયમાં આગળના ભાગમાં નંદી, વિષ્ણુમંદિરમાં ગરુડ અને રામમંદિરમાં હનુમાનની પ્રતિમાઓ નજરે પડે છે. મંદિરોના શિખરને દક્ષિણ ભારતની જેમ પિરામિડનો ઘાટ આપવા લાગ્યો.*

*આ સમયે સુરતમાં રાહિયાં સોનીના ચોકમાં આવેલું બાલાજી મંદિર (*19*મી સદીનો પહેલો દસકો), ભરૂચનું ભૃગુભાસ્કરેશ્વર મંદિર (ઈ.સ.* 1783*), વડોદરાનું વિઠ્ઠલ મંદિર, બહુચરમાતાનું મંદિર, ખંડોલાનું મંદિર, ગણપતિ મંદિર, નીલકંઠેશ્વર મહાદેવ અને પર્વતેશ્વર મંદિર, ખંભાતનું કવિ પ્રીતમદાસે બંધાવેલું મથુરાદાસ બાવાનું મંદિર તથા નવું હવેલી મંદિર, ઉમરેઠનું વેરાઈ માતાનું મંદિર (ઈ.સ.* 1766*), સોજીત્રાનું કામનાથ મહાદેવ શિવાલય (ઈ.સ.* 1769*), નડીયાદનું નારણદેવ મંદિર, ખેડા જિલ્લાના સારસા ગામનું સતકેવલનું મંદિર અમદાવાદનાં ભદ્રના કિલ્લાના વિસ્તારમાં આવેલાં મંદિરો તથા રામ્બારી આગળનું કૃષ્ણમંદિર, પાટણ પાસે આવેલ ભૂતિયાવાસણા ગામનું ભૂતેશ્વર, કડીનાં યવતેશ્વર મહાદેવ અને રાધાકૃષ્ણનું મંદિર, સિદ્ધપુરનાં સિધ્ધેશ્વર અને નીલકંઠ મહાદેવનાં મંદિરો, બહુચરજીનું નવું દેવાલય (ઈ.સ.* 1795*) અમરેલીનું જાગનાથ મંદિર, બેટદ્વારકાનું ત્રિવિક્રમ મંદિર, જૂનાગઢની પૃષ્ટિમાર્ગીય હવેલી, સુપેડીનાં બે મંદિરો વાંકાનેર પાસેનું જડેશ્વરનું મંદિર, પાળીયાદ (તા. બોટાદ)નું શિવમંદિર, ભૂજની છતરડી વગેરે આ સમયે બંધાયેલા હિંદુ મંદિરો છે.*

**હાટકેશ્વર મંદિર (અમદાવાદ)** *આ મંદિર અમદાવાદમાં ખાડિયા ગેટથી બાલા હનુમાન જવાના રસ્તે જેઠાભાઈની પોળની સામે આવેલું છે. તે વિસનગર નાગરોનું આસ્થાનું સ્થાન છે. આ મંદિર તુલજારામ મહાદેવ નામના વ્યક્તિએ બંધાવ્યું હતું. આ મંદિર મરાઠાકાલીન હોવા છતાં તેની શૈલી સોલંકીકાલીન છે. મંદિર પૂર્વાભિમુખ છે. એમાં મંડપ, ગર્ભગૃહ, શણગાર ચોકી વગેરેની રચના છે. ત્રણે બાજુથી મંદિરમાં જવા માટે પ્રવેશદ્વારો છે. નાનાં ઉરુમગોવાળું શિખર છે. મંદિરના ગર્ભગૃહમાં મધ્યમાં શિવલિંગ અને પાછળના ગોખમાં પાર્વતીની ચતુર્ભુજ મૂર્તિ છે. ગર્ભગૃહનું અંદરનું વિત્તમાન ભૌમિતિક આકૃત્તિઓથી શોભે છે. અંતરાલમાં ડાબી બાજુએ ગણપતિની મૂર્તિ છે. અહી એક ઉમા-મહેશ્વરની મૂર્તિ આવેલી છે. શિવના ડાબા ખોળામાં પાર્વતી અને જમણા ખોળામાં બાલગણેશ નજરે પડે છે. રંગમંડપમાં બાર સ્તંભો છે. સ્તંભો ઉપર નૃત્યાંગનાઓનાં શિલ્પો છે. મંદિરના પ્રવેશદ્વાર આગળ બહુચર માતાનું મંદિર છે.*

**રણછોડરાયનું મંદિર (ડાકોર)** *ડાકોરનું સુપ્રસિદ્ધ રણછોડરાયનું મંદિર મરાઠાકાળમાં બંધાયું હતું. આ વૈષ્ણવ મંદિર શામળાજીના દેવગદાધર મંદિરના જેવું છે. અહી વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની 'રણછોડરાય' નામે ઓળખાતી સુંદર પ્રતિમા છે. એક અનુશ્રુતિ અનુસાર જાણવા મળે છે કે આ પ્રતિમા ભક્ત બોડાણા ઈ.સ. 1155માં દ્વારકાથી ડાકોર લાવેલાં, પણ તે લગભગ ૫૬૯ વર્ષ સુધી અપૂજ્ય રહી ઈ.સ. ૧૭૨૫માં લક્ષ્મીજીનું મંદિર બંધાતા ત્યાં તેની સહુ પ્રથમ પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારબાદ ઈ.સ. 1772માં પેશ્વાના શરાફ સતારાના ગોપળ જગન્નાથ તાબેકરે આ મંદિર બંધાવતા વિ.સ.1828ના મહાવદ ૫ને બુધવારે આ મૂર્તિની સ્થાપના કરવામાં આવી. મંદિર પશ્ચિમાભિમુખ છે. મંદિરમાં વિશાલ ચોક અને બહાર સન્મુખ ગોમતી નામનું તળાવ આવેલું છે. મંદિરને પીઠ, ગર્ભગૃહ, અંતરાલ મંડપ અને ત્રણે બાજુએ પ્રવેશદ્વારો આવેલાં છે. આ મંદિરના બાંધકામમાં ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યની અસર વર્તાયે છે. શિખરના ચારે ખૂણે ચાર મિનારાઓની રચના કરેલી છે. ઘુમ્મટ સાદો છે.*

*આમ, મરાઠાકાળ દરમિયાન ઠીકઠીક પ્રમાણમાં હિંદુ મંદિરો બંધાયા. આ સર્વ મંદિરો સામાન્ય સ્તરનાં અને સ્થાપત્યની દ્રષ્ટિએ ઘણી જ ઉતરતી કક્ષાના હતાં.*

### 17.4.2 જૈન મંદિરો

*મરાઠાકાળ દરમિયાન હિંદુ મંદિરોની માફક કેટલાંક જૈન મંદિરો બંધાયાં. ઘણાં મંદિરોનો જીર્ણોદ્ધાર થયો. મંદિરો પૈકી ઘણાં ચૌલુકીય શૈલીનાં શિખરબંધ મંદિરો છે. ઘણાં મંદિરોમાં ગર્ભગૃહ મંડપ અને ચોકીની રચના જોવા મળે છે. કેટલાંક મંદિરો ત્રણ ગર્ભગૃહવાળાં તો કેટલાંક પાંચ ગર્ભગૃહવાળાં જોવા મળે છે. આ મંદિરોમાં તીર્થંકરોની પ્રતિમાઓ સ્થાપેલી છે. ઘણાં મંદિરોમાં યક્ષ-યક્ષિણીઓની પ્રતિમાઓ સુંદર રીતે કંડારેલી જોવા મળે છે.*

*મરાઠા સમયમાં બંધાયેલા જૈન મંદિરો આ પ્રમાણે છે. અમદાવાદનું શેઠના પાડામાનું શીતલનાથનું મંદિર, વાઘણપોળનું અજીતનાથનું મંદિર, શાંતિનાથનાં દેરાસર, સોજીત્રાનું સમડી ચકલાનું મહાવીર સ્વામીનું મંદિર, મિયાંગામનું શાંતિનાથનું દેરાસર, સિનોર(વડોદરા)નું શ્રાવકવાડાનું સુમિતનાથનું મંદિર તથા છીપવાડમાનું વાસુપુજ્યનું દેરાસર, ભરૂચનું શ્રીમાળી પોળનું શંખેશ્વર પાશ્વનાથનું મંદિર, સુરતનું ગોપીપુરામાંનું મહાવીર સ્વામીનું દેરાસર, વલસાડનું શેઠ ફળિયામાનું મહાવીર સ્વામીનું દેરાસર, દમણનું વાણીયાવાડમાનું આદિનાથ મંદિર, પાલનપુરનું કમાલપુરામાનું દેરાસર, થરાદનું બજારમાં આવેલું શાંતિનાથનું દેરાસર, વિસનગરનું કડા બજારનું પાર્શ્વનાથનું મંદિર, ઉમતા (તા. વિસનગર)નું કુંપુનાથનું મંદિર, ઊંઝાનું તલાટીનાં માઢમાંનું શાંતિનાથનું મંદિર, વિરમગામનું સંઘવી ફળિયામાંનું શાંતિનાથનું મંદિર, અમરેલી જૂની બજારમાંનું સંભવનાથનું મંદિર વગેરે.*

*આમ, મરાઠાકાળ દરમિયાન રાજકીય અવ્યવસ્થા હોવા છતાં ધાર્મિક ક્ષેત્રે ઠીક ઠીક પ્રગતિ થઈ હતી. અનેક નાનાં મોટાં મંદિરો અસ્તિત્વમાં આવ્યાં હતાં.*

### 17.4.3 ઈસ્લામી સ્થાપત્ય

*મરાઠાકાળમાં બંધાયેલી કેટલીક નવી મસ્જિદો સ્થાપત્યની દ્રષ્ટિએ ઘણી ઊતરતી કક્ષાની હતી. ઈ.સ. ૧૭૯૨માં ઉમરેઠમાં કાજી અજુમુદ્દીને ગરુડ મંદિર તોડીને મસ્જિદ બનાવી. આ મસ્જિદ હાલમાં ફતેહ મસ્જિદ તરીકે ઓળખાય છે. આ ઉપરાંત સુરતની પીર મક્કીશાહની દરગાહો, લખપતની લખપતી પીરની દરગાહ અને પીરઘોષની દરગાહ, ભૂજનો જમાદાર ફતેહમામદનો રોજો વગેરે આ સમયની નોંધપાત્ર મુસ્લિમ ઈમારતો છે.*

*ભૂજનો જમાદાર ફતેહમામદનો રોજો પૂર્વાભિમુખ છે. ઊંચી પીઠ પર બાંધેલો છે એને ફરતો ચોક છે. વિશાળ કોટ કરેલો છે. રોજાની દરગાહ એક મુખ્ય ખંડમાં છે. એની આગળ ચોકી છે આ રચના હિંદુ મંદિરને મળતી આવે છે. મુખ્ય ખંડમાં ત્રણ કબરો ઉત્તર-દક્ષિણ આવેલી છે. વચ્ચેની કબર ફતેહમામદની પૂર્વ બાજુની કબર એની બીબીની તથા પશ્ચિમ બાજુની કબર એના વડાપુત્ર ઈબ્રાહીમમિયાંની છે. કબરોની ઉપરના છાવણ પણ ઊંચો અને ચોકીના છાવણ પર નીચો અર્ધઅંડાકર ઘુમ્મટ છે. ખંડની અંદરના ત્યાગમાં કલાકૃતિઓથી શણગારેલો ગોખ છે. રોજામાં અન્ય વ્યક્તિઓની કબરો છે. દા.ત. તોપચી ગોલદાજ અબ્દુલહમીદની કબર વગેરે.*

### 17.4.4 ખ્રિસ્તી દેવળો

*આ સમયે ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓની વસ્તી ગુજરાતમાં સારા પ્રમાણમાં વધી હતી. મરાઠાકાળ દરમિયાન ગુજરાતમાં સુરતમાં ઈ.સ. 1759માં કેથલિક સંપ્રદાયના કાર્મેલાઈટ સંઘે તથા ઈ.સ. 1802માં ફિરંગીઓએ દેવળ બાંધ્યું. ફિરંગીઓના દેવળની જગ્યા પાછળથી આર્ય સમાજે ખરીદી લઈ તેના પર મંદિર બાંધ્યું. ઈ.સ. 1814માં ભરૂચમાં 'અવરલેડી ઓવ હેલ્થ' નામનું દેવળ બંધાયું.*

- **તમારી પ્રગતિ ચકાસો – 2**

1. *મુઘલકાલીન સમયમાં હિંદુ સ્થાપત્યના મંદિરોનો ટૂંકો પરિચય આપો.* 10 *થી* 15 *લીટીમાં*

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

2. *મરાઠાકાલીન જૈન મંદિરોનું સ્થાપત્ય વર્ણવો.*

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

**અ. નીચે આપેલી ખાલી જગ્યાઓ પુરો.**

1. *સલ્તનતકાળમાં ________ નગરને મુસ્તફાબાદ તરીકે ઓળખવામાં આવતું હતુ.*
2. *ભમરિયો કુવો ____________ શહેરમાં આવેલો છે.*
3. *વિષ્ણુ ભગવાનની મત્સ્યાવતારની મૂર્તિ __________ મંદિરમાં આવેલી છે.*
4. *અમદવાદના સુબા સુજાતખાંએ _________ નામની મસ્જિદ બંધાવી હતી.*
5. *ઈ.સ.* 1814*માં ભરૂચમાં ___________ નામનું દેવળ બંધાવ્યું હતુ.*

## 17.4.5 : મરાઠાયુગ કલા

**ચિત્રકળા :** *મુઘલકાળ દરમિયાન ગુજરાતમાં ચિત્રકળાના ક્ષેત્રમાં લઘુચિત્ર શૈલી પ્રચારમાં હતી. આ કલાના કેટલાક નમૂના જૈન વૈષ્ણવ અને શાકત સંપ્રદાયના ગ્રંથોની હસ્તપ્રતોમાં જોવા મળે છે. આ ચિત્રોનો મોટો સમય ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનના જ્ઞાનભંડારોમાં કે ચિત્રશાળાઓમાં તૈયાર કરાવવામાં આવ્યો હતો. આ સમયનાં ચિત્રોનો*

*મુખ્ય વિષય ધાર્મિક હોવા છતાં તેમાંથી ઘણાં લૌકિક નમૂના પણ જોવા મળે છે. આ ચિત્રોમાં આલેખાયેલાં પાત્રોનું નિરૂપણ સ્પષ્ટ અને આબેહૂબ છે.*

*આ સમયના કેટલાંક ચિત્રો જૈન ગ્રંથોની હસ્તપ્રતો, પોથીમાં કેટલાંક ગ્રંથોમાં જૈન મંદિરોના ભીતચિત્રો વગેરેમાં ઠીક ઠીક જોવા મળે છે. મરાઠાકાલીન ચિત્રકલા મુઘલકાલીન ચિત્રકલા કરતાં ઘણી જ ઉતરતી કક્ષાની છે.*

**સંગીત કલા :** *મરાઠા સમયમાં જૈન અને હિંદુ મંદિરોમાં આલેખાયેલાં ભીતચિત્રોમાં ગાયક અને વાદકોના સમૂહો જોવા મળે છે. આ ચિત્રોમાં પખવાજ, મૃદંગ, ઢોલ, નગારું, ખંજરી, ડફ નોબત, ભૂંગળ. નરઘા વગેરે વાદ્યો જોવા મળે છે. ચિત્રો પરથી જણાય છે કે તે સમયે તતુંવાદ્યમાં એકતારો તંબુરો, તંબુરી, વીણા, સારંગી, જંતુર, રાવણહથ્થો વગેરે મરાઠાકાલીન લોકો કાંસીજોડા કરતાલ, ઝાંઝર, ઘૂઘરા વગેરેનો પણ ગાતી વખતે ઉપયોગ કરતા હશે.*

*મરાઠાકાળમાં રાજકીય અવ્યવસ્થા અને અંધાધૂધી હોવા છતા પણ હવેલી સંગીત, ભવાઈ, માણભટ્ટો વગેરેએ સંગીત દ્વારા સમાજની ધાર્મિકવૃત્તિને ટકાવી રાખી હતી. સંગીત પણ લોકોની ધર્મભાવનાને વિકસાવવામાં મહત્વનો ભાગ ભજવતું.*

**નૃત્યકલા :** *મરાઠાકાળ દરમિયાન ગુજરાતમાં રાસ, ગરબા, ગરબી, ભવાઈ વગેરે ઘણાં જ લોકપ્રિય હતાં. રાસ અને ગરબા એ નૃત્યના ક્ષેત્રે ગુજરાતની આગવી વિશિષ્ટતા છે. પ્રાચીન ગ્રંથોમાંથી રાસના બે પ્રકાર તાલી રાસ અને લકુટા રાસ વગેરે વિષેના ઉલ્લેખો છે. મરાઠાકાળમાં ભવાઈ એ મનોરંજન માટેનું મહત્વનું સાધન મનાતું. આમાં સંગીત અને નૃત્ય બનેનો સમાવેશ થતો. આ એક લોકનૃત્યનો પ્રકાર છે, તેના દ્વારા લોકોમાં ધાર્મિક ચૈતન્ય ટકાવી રાખવામાં આવતું. ભવાઈના કલાકારો રાજા અને સમાજના દોષોની જાહેરમાં ભવાઈ દ્વારા ટીકા કરી સમાજને દોષો પ્રત્યે જાગ્રત રાખવા આ ભવાઈના જુદા જુદા વેશો કલાકારો ભજવતા. વેશોની રચના અસાઈત, માંડણ જેવા કલાકારોએ કરી છે. અસાઈત ઠાકરે ભવાઈના ત્રણસો સાઠ વેશ અંબામાની આરાધના કરી હોવાની માન્યતા ગુજરાતમાં પ્રચલિત છે.*

*કેટલાક નૃત્ય અને સંગીતમાં અંગકસરતનું પ્રમાણ સવિશેષ હોય છે. ટૂંકમાં ભવાઈ દ્વારા મરાઠાકાલીન સમાજના દર્શન થાય છે. ભવાઈ એ ગુજરાતી નાટ્યશૈલીનો વિશિષ્ટ પ્રકાર છે.*

## 17.5 સારાંશ

*ગુજરાતમાં સલ્તનત મુઘલ અને મરાઠાકાલીન કલા સ્થાપત્યનો નમૂનારૂપ વિકાસ થયેલો જોવા મળે છે. પ્રાચીન ગુજરાતની સ્થાપત્ય કલા પર હિંદુ સ્થાપત્યમાં મંદિરો, તળાવો, વાવો, શિલ્પો વગેરેના સ્થાપત્ય જોવા મળે છે. પરંતુ સલ્તનતયુગ દરમિયાન હિંદુ-ઈસ્લામ સ્થાપત્ય શૈલી વિકસેલી જોવા મળે છે. સલ્તનત યુગનું સ્થાપત્યમાં હિંદુ-ઈસ્લામ બંનેના મિશ્રિત સ્થાપત્ય નજરે પડે છે. ઈસ્લામ સ્થાપત્યમાં મસ્જિદો, રોજા,*

*મકબરા, ઈદગાહ વગેરે મહત્વના અને નમૂના રૂપ સ્થાપત્ય જોવા મળે છે. મસ્જિદ કે રોજામાં ઝરૂખા અને જાળી રાખવાની પદ્ધતિને કારણે પ્રસિદ્ધ છે. એટલે જ અમદાવાદની સીદી સૈયદની જાળી જગ પ્રખ્યાત થયેલી જોવા મળે છે.*

*આમ ઈ.સ.* 1304 *થી* 1818*ના સમયનું કલા અને સ્થાપત્યમાં હિંદુ-મુસ્લિમ એકતા અને સમન્વય જોવા મળે છે.*

## 17.6 ચાવીરૂપ શબ્દો

**મકબરો :** *મુસ્લિમ સંતોની કબરો પર રાખવામાં આવેલ*

**રોજા :** *મસ્જિદ અને ઈમારત મકબરાનો સમાવેશ થતો હોય તેને*

**ઈદગાહ :** *ઈદના દિવસે નમાજ પઢવાના સ્થાનને*

## 17.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. *જૂનાગઢ*
2. *મહેમદાવાદ હાટકેશ્વર*
3. *હાટકેશ્વર મંદિર*
4. *સુજાતખાંની મસ્જિદ*
5. *અવરલેડી ઓવ હેલ્થ*

## 17.8 આ એકમ માટે કેટલાંક ઉપયોગી સંદર્ભ પુસ્તકો


1. *જોટે રત્નમણિરાવ ભીમરાવ, ગુજરાતનો સાંસ્કૃતિન ઈતિહાસ, ઈસ્લામયુગ ખડ-*1, *ગુજરાત વિધાનસભા, અમદાવાદ,* 1945.
2. *આચાર્ય નવીનચંદ્ર એન. ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ (ઈ.સ.* 1304 *થી* 1818) *યુનિર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ સાતમી આવૃત્તિ,* 2019.
3. *પરીખ રસિકલાલ છોટાલાલ અને હરિપ્રસાદ શાસ્ત્રી (સંપા) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-*6 *મુઘલ કાલ, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ-*1978.
4. *પરીખ રસિકલાલ અને હરિપ્રસાદ શાસ્ત્રી (સંપા) ગ્રંથ -*7 *મરાઠાકાલ.*


x